


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ કારતક વદ નોમ, ગુરુવાર ૧૩ નવેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

# નિકાસ વધારવા રૂ. 45000 કરોડની યોજનાઓ મંજૂર

## ત્રાસવાદીઓની 6 ડિસેમ્બરે મોટો હુમલો કરવાની યોજના હતી

**ધરપકડ** કરાયેલા આઠ લોકોની પૂછપરછ અને તેમના પરિવાર, મિત્રો અને પાડોશીઓ સાથેની વાતચીત પછી પોલીસે તારણ કાઢ્યું

**ડો. ગનીની** ધરપકડ સાથે તેની યોજના નિષ્ફળ જતા તે ગભરાઈ ગયો હતો, લાલ કિલ્લા સામે થયેલો વિસ્ફોટ આકસ્મિક હતો

**નવી દિલ્હી-શ્રીનગર, તા. 12 (PTI):** લાલ કિલ્લા પાસે વિસ્ફોટક ભરેલી કાર ચલાવનાર ડો. ઉમર નબીની 6 ડિસેમ્બરે બાબરી મસ્જિદ ધ્વંસની વર્ષગાંઠની આસપાસ એક શક્તિશાળી વિસ્ફોટની યોજના હતી, એમ અધિકારીઓએ બુધવારે જણાવ્યું હતું. ફરીદાબાદમાં કેન્દ્રિત આંતરરાજ્ય 'વ્હાઇટ કોલર' જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ) ત્રાસવાદી મોડ્યુલ

...અનુસંધાન પાના 4 પર

### પોલીસે લાલ ફોર્ડ ઇકોસ્પોર્ટ કાર શોધી કાઢી






**કાર** હરિયાણાના એક ફાર્મ હાઉસમાં મળી આવી, એનએસજીની ટીમ સ્થળે પહોંચી

**આ કાર** મુખ્ય શંકાસ્પદ ડો. ઉમરના નામે નોંધાયેલી છે

**નવી દિલ્હી, તા. 12 (PTI):** દિલ્હી પોલીસે લાલ કિલ્લા વિસ્ફોટ કેસ સાથે જોડાયેલી શંકાસ્પદ લાલ ફોર્ડ ઇકોસ્પોર્ટ કારને બુધવારે શોધી કાઢી છે. દિલ્હી પોલીસે આ બાબતની પુષ્ટી કરી હતી. આ પહેલાં પોલીસે આ કારને શોધવા માટે રાષ્ટ્રીય રાજધાનીના તમામ પોલીસ સ્ટેશનો, ચોકીઓ અને સીમા ચોકીઓ પર એલર્ટ જારી કર્યું હતું.

એલર્ટ બાદ દિલ્હી પોલીસે પોતાની સતર્કતા વધારી દીધી હતી. પોલીસને આ વાહન શંકાસ્પદો સાથે હોવાના અહેવાલ મળ્યા હતા. જોકે, તપાસ દરમિયાન, તે આઈ20 કારની સાથે આ કાર ક્યાંય જોવા મળી ન હતી. વિસ્ફોટના ગુનેગાર ઉમરે નકલી સરનામાનો

...અનુસંધાન પાના 4 પર

## ભુટાનથી આવી મોદી લાલ કિલ્લા હુમલાના ઈજાગ્રસ્તોને મળ્યા



**ગુનેગારોને** ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે

**નવી દિલ્હી, તા. 12 (PTI).** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે એલએનજેપી હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને લાલ કિલ્લા વિસ્ફોટના પીડિત લોકોને મળ્યા હતા. પીએમએ કહ્યું હતું કે, ગુનેગારોને ન્યાયના કઠેડામાં લાવવામાં આવશે.

...અનુસંધાન પાના 4 પર

### સરકારે લાલ કિલ્લા વિસ્ફોટને આતંકવાદી ઘટના ગણાવી

**નવી દિલ્હી.** સરકારે બુધવારે લાલ કિલ્લાની બહાર થયેલા કાર વિસ્ફોટને એક 'ઘૃણાસ્પદ આતંકવાદી ઘટના' ગણાવી હતી અને તપાસ એજન્સીઓને નિર્દેશ આપ્યો હતો કે, તેઓ આ કેસનો 'અત્યંત તાકીદ અને વ્યાવસાયિકતા' સાથે સામનો કરે. જેથી તેની પાછળ રહેલા લોકો અને તેમના પ્રાયોજકોને વિના વિલંબે ન્યાયના કઠેડામાં લાવી શકાય. ભૂતાનથી પરત ફર્યા બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આતંકવાદનાં તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાની નીતિ પ્રત્યે ભારતની અટલ પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરવામાં આવી હતી. તેમાં કહેવામાં આવ્યું છે કે, સરકારના ઉચ્ચ સ્તરે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે.

...અનુસંધાન પાના 4 પર

**છ વર્ષ** માટે રૂ. 25060 કરોડનું નિકાસ પ્રમોશન મિશન

**અમેરિકી** ટેરિફને લીધે વધારે માર પડ્યો છે એવા ટેક્સ્ટાઈલ, લેધર, જેમ્સ એન્ડ જ્વેલરી ક્ષેત્રને અગ્રતા

**રૂ. 20000** કરોડની ક્રેડિટ ગેરંટી સ્કીમને પણ કેબિનેટની મંજૂરી

**નવી દિલ્હી, તા. 12 (PTI):** બુધવારે સરકારે નિકાસકારોને અમેરિકા દ્વારા ભારતીય માલ પર લાદવામાં આવેલા ઊંચા ટેરિફની અસરનો સામનો કરવામાં મદદ કરવા માટે રૂ. 45,000 કરોડની બે યોજનાઓને મંજૂરી આપી છે.

રૂ. 25,060 કરોડનું નિકાસ પ્રમોશન મિશન ભારતની નિકાસ સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવવા માટે છે, ખાસ કરીને એમએસએમઈ, પહેલી વાર નિકાસ કરનારાઓ અને શ્રમ વધુ હોય તેવા ક્ષેત્રો માટે.

બીજી યોજના ક્રેડિટ ગેરંટી સ્કીમ ફોર એક્સપોર્ટર્સ (સીજીએસઈ) નિકાસકારોને રૂ. 20,000 કરોડ સુધીની કોલેટરલ-મુક્ત ક્રેડિટ સપોર્ટ સુનિશ્ચિત કરશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યો હતો. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા જાહેર કરાયેલા આ નિર્ણયો પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર દ્વારા 27 ઓગસ્ટથી ભારતીય માલ પર 50 ટકાનો ભારે ટેરિફ લાદવાના પગલે લેવામાં આવ્યા છે. ભારત અને અમેરિકા દ્વિપક્ષીય

...અનુસંધાન પાના 4 પર

### રૂ. 10401 કરોડ નિર્યાત પ્રોત્સાહન અને રૂ. 14659 કરોડ નિર્યાત દિશા માટે

નિકાસ પ્રમોશન મિશન (ઈપીએમ) બે પેટા-યોજનાઓ - નિર્યાત પ્રોત્સાહન (રૂ. 10,401 કરોડ) અને નિર્યાત દિશા (રૂ. 14,659 કરોડ) દ્વારા છ વર્ષમાં અમલમાં મૂકવામાં આવશે. આ એક ખૂબ જ વ્યાપક મિશન છે અને તે સંપૂર્ણ નિકાસ ઇકોસિસ્ટમને ટેકો આપશે, એમ વૈષ્ણવે અહીં પત્રકારોને જણાવ્યું હતું. મિશન હેઠળ, કાપડ, ચામડું, રત્નો અને ઝવેરાત, એન્જિનિયરિંગ માલ અને દરિયાઈ ઉત્પાદનો જેવા ક્ષેત્રો જે તાજેતરના વૈશ્વિક ટેરિફ વધારાથી પ્રભાવિત થયા છે તેમને સહાય આપવામાં આવશે. આ ક્ષેત્રો અમેરિકી બજારમાં પડકારોનો સામનો કરી રહ્યા છે. ઊંચી ઈમ્પોર્ટ ડ્યુટીને કારણે, સપ્ટેમ્બરમાં ભારતની અમેરિકામાં વેપારી માલની નિકાસ 11.93 ટકા ઘટીને 5.64 અબજ ડોલર થઈ હતી. નિર્યાત પ્રોત્સાહન હેઠળ, વ્યાજ સહાય, નિકાસ ફેક્ટરિંગ, કોલેટરલ ગેરંટી, ઈ-કોમર્સ નિકાસકારો માટે ક્રેડિટ કાર્ડ અને નવા બજારોમાં વૈવિધ્યકરણ માટે ક્રેડિટ એન્હાન્સમેન્ટ સપોર્ટ જેવા વિવિધ સાધનો દ્વારા એમએસએમઈ માટે સસ્તું વેપાર ધિરાણ સહેલાઈથી મળી રહે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જોકે, સરકારે સહાયનો દર જાહેર કર્યો નથી.

### નિર્યાત દિશા બિન-નાણાકીય સહાય છે

નિર્યાત દિશા હેઠળ, ભંડોળનો ઉપયોગ બિન-નાણાકીય સહાય માટે કરવામાં આવશે જેમ કે આંતરરાષ્ટ્રીય બ્રાન્ડિંગ, પેકેજિંગ અને વેપાર મેળાઓમાં ભાગીદારી, નિકાસ વેરહાઉસિંગ અને લોજિસ્ટિક્સ, આંતરદેશીય પરિવહન વળતર, અને વેપાર ગુપ્તચર માહિતી અને ક્ષમતા નિર્માણ પહેલ. 100 ટકા ક્રેડિટ ગેરંટી પૂરી પાડવા માટે નિકાસકારો માટે ક્રેડિટ ગેરંટી યોજના (સીજીએસઈ) નાણા મંત્રાલય દ્વારા નેશનલ ક્રેડિટ ગેરંટી ટ્રસ્ટી કંપની લિમિટેડ (એનસીજીટીસી) દ્વારા અમલમાં મૂકવામાં આવશે જેથી એમએસએમઈ સહિત નિકાસકારોને ધિરાણ આપતી સંસ્થાઓ દ્વારા વધારાનો ઋણ ટેકો પૂરી પાડી શકાય.

## દિલ્હી વિસ્ફોટના તાર તુર્કી સાથે જોડાયા

**ડો. ઉમર અને ધરપકડ કરાયેલો ડોક્ટર મુઝમ્મિલ જૈશ-એ-મોહમ્મદના હેન્ડલર્સ સાથે મળવા માટે તુર્કી ગયા હતા, પ્રજાસત્તાક દિને લાલ કિલ્લા પર હુમલાની યોજના હતી**

**નવી દિલ્હી, તા. 12:** હરિયાણા અને ઉત્તર પ્રદેશ પછી દિલ્હી વિસ્ફોટના તાર તુર્કી સાથે જોડાયેલા હોય તેવું લાગે છે. વિસ્ફોટ થયો હતો તે કાર ચલાવવાના શંકાસ્પદ ડો. મોહમ્મદ ઉમર નબી અને ધરપકડ કરાયેલો ડોક્ટર મુઝમ્મિલ શકીલ, જેના ઠેકાણાથી 2,900 કિલો વિસ્ફોટકો મળી આવ્યા હતા, આ બંને જૈશ-એ-મોહમ્મદના હેન્ડલર્સ સાથે મળવા માટે તુર્કી ગયા હતા. રાષ્ટ્રીય તપાસ એજન્સીએ (એનઆઈએ) દિલ્હી કાર વિસ્ફોટોની તપાસ વધુ તીવ્ર બનાવી છે, અને સૂત્રોએ આ નવો તુર્કી એંગલ જાહેર કર્યો છે. વ્હાઈટ કોલર ત્રાસવાદી મોડ્યુલના આ મુખ્ય સભ્યો આ વર્ષે પ્રજાસત્તાક દિને લાલ કિલ્લા પર હુમલો કરવાના હતા. દિવાળીએ પણ ભરચક વિસ્તારોને નિશાન બનાવના હતા પણ કરી શક્યા નહીં. 2008ના મુંબઈ હુમલા જેવા હુમલાની યોજના હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે તપાસકર્તાઓ માને છે કે 'વ્હાઇટ-કોલર ત્રાસવાદી મોડ્યુલ'ના સભ્યોની તુર્કીની યાત્રાઓ તેમના મજબૂત થવામાં મુખ્ય પરિબળ હતી. તુર્કીથી પાછા ફર્યા પછી, મોડ્યુલે દેશભરમાં તેનું નેટવર્ક વિસ્તૃત

...અનુસંધાન પાના 4 પર

### ધરપકડ કરાયેલા ડોક્ટરે ઘણી વખત લાલ કિલ્લાની રેકી કરી હતી

**નવી દિલ્હી.** હાલમાં પોલીસે એક વ્હાઇટ-કોલર ત્રાસવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યા બાદ ધરપકડ કરાયેલા ડો. મુઝમ્મિલ ગનીના મોબાઇલ ફોનમાંથી મેળવેલા ડમ્પ ડેટાના વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે તેણે આ વર્ષે જાન્યુઆરીમાં લાલ કિલ્લા

...અનુસંધાન પાના 4 પર

### દિલ્હી ડાયરી




#### રાહુલ ગાંધી ગર્ગને શ્રદ્ધાંજલિ આપવા ખૂબ મોડા પહોંચ્યા

જ્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી તાજેતરમાં લોકપ્રિય આસામી ગાયક, સિંગાપોરમાં તેમના અવસાનના લગભગ એક મહિના પછી, ઝુબીન ગર્ગને શ્રદ્ધાંજલિ આપવા માટે આસામ પહોંચ્યા ત્યારે આ મુલાકાતના કેટલાક રાજકીય પાસાંઓ પણ ઊભરીને સામે આવ્યાં. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કોઈ સમય બગાડ્યા વિના તેના પર નિશાન સાધ્યું. શર્માએ ગાંધી પર નિશાન સાધતાં કહ્યું કે, કોંગ્રેસના નેતા ૨૮ દિવસ ખૂબ મોડેથી પહોંચ્યા છે અને તેમના (રાહુલ ગાંધી) પર આસામ પ્રત્યે ઉદાસીનતાનો આરોપ લગાવ્યો. શર્માએ આરોપ લગાવ્યો કે, ૨૦૧૧માં ભારત રત્ન

...અનુસંધાન પાના 4 પર

તા. ૧૨-૧૧-૨૦૨૫નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૧.૩° સે. | ૧૬.૬ સે. | ૪૫% |

## દિલ્હી વિસ્ફોટ બાદ ફરીદાબાદમાં આવેલી અલ-ફલાહ યુનિવર્સિટી ચર્ચામાં

**અલ-ફલાહ** યુનિવર્સિટીના 40 ટકા ડોક્ટરો કાશ્મીરના છે, એમબીબીએસની ફી 74 લાખ છે.

**1997માં** એન્જિનિયરિંગ કોલેજ તરીકે શરૂ થઈ હતી, તેમાં એમબીબીએસ અભ્યાસ 2019માં શરૂ થયો




**ફરીદાબાદ, તા. 12 (PTI):** 'વ્હાઈટ કોલર મોડ્યુલ' અને દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા વિસ્ફોટના સંબંધમાં ત્રણ ડોક્ટરોની ધરપકડ બાદ હરિયાણાના ફરીદાબાદ જિલ્લાના મુસ્લિમ બહુમતી ધરાવતા ધૌજ ગામમાં આવેલી અલ-ફલાહ યુનિવર્સિટી અને તેનો 76 એકરનો વિશાળ કેમ્પસ સમાચારોમાં છે. યુનિવર્સિટી તપાસના દાયરામાં આવી છે. શિક્ષિત વ્યક્તિઓ પાકિસ્તાન સમર્થિત લોકોના ઈશારે કામ કરતા હોવાનું જાણવા મળ્યા પછી યુનિવર્સિટી આવા વ્યક્તિઓ માટે કેવી રીતે આશ્રય સ્થાન બની તે તપાસકર્તાઓ તપાસ કરી રહ્યા છે.

યુનિવર્સિટીની વેબસાઈટ મુજબ તેની સ્થાપના હરિયાણા વિધાનસભા દ્વારા હરિયાણા ખાનગી યુનિવર્સિટી કાયદા હેઠળ કરવામાં આવી હતી. તેની શરૂઆત 1997માં એન્જિનિયરિંગ કોલેજ તરીકે થઈ હતી. 2013માં, અલ-ફલાહ એન્જિનિયરિંગ કોલેજને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી 'એ' શ્રેણીની માન્યતા પ્રાપ્ત થઈ. 2014માં, હરિયાણા સરકારે તેને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો. અલ-ફલાહ મેડિકલ કોલેજ પણ આ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે. તે 70 એકરમાં ફેલાયેલી છે.

શરૂઆતના વર્ષોમાં અલ-ફલાહ યુનિવર્સિટી લઘુમતી વિદ્યાર્થીઓ માટે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને જામિયા મિલિયા ઈસ્લામિયાના આશાસ્પદ વિકલ્પ તરીકે ઉભરી આવી હતી. એમબીબીએસ અભ્યાસ 2019માં શરૂ થયો હતો. તેની ફી 74

...અનુસંધાન પાના 4 પર

### અલ-ફલાહ યુનિવર્સિટીના ડો. હસન ગુમ

**નવી દિલ્હી.** કાશ્મીર સ્થિત એક ડોક્ટર, ડો. નિસાર-ઉલ-હસન, જેમને કથિત રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ માટે 2023માં જમ્મુ-કાશ્મીર સરકારે બરતરફ કર્યા હતા, તેઓ દિલ્હીમાં 10 નવેમ્બરના રોજ લાલ કિલ્લાના કાર વિસ્ફોટ પછી ગુમ થઈ ગયા છે, જેમાં ઓછામાં ઓછા 12 લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. ડો. હસન, જે અગાઉ શ્રીનગરની એસએમએચએસ હોસ્પિટલમાં સહાયક પ્રોફેસર તરીકે કાર્યરત હતા. તાજેતરમાં હરિયાણાના ફરીદાબાદ જિલ્લાની અલ-ફલાહ યુનિવર્સિટી સાથે સંકળાયેલા હતા. તપાસકર્તાઓએ ડોક્ટરોના નેટવર્ક અને લાલ

...અનુસંધાન પાના 4 પર

